ક્રમાંક:મઉમશબ/૨૦૧૮/90396 /20424

<u>અગત્યનું</u>

<u>પરીક્ષા બાબત</u>

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૮/૧૨/૨૦૧૮

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ, ગુજરાત રાજય.

**વિષય:-** **ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઇઓ, ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ની જોગવાઇઓ અને ગુજરાત પબ્લીક સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની જોગવાઇઓ હેઠળ કામગીરી કરવા બાબત.**

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની જોગવાઇઓ હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જે શાળા મંડળ શાળા માટે બોર્ડની માન્યતા મેળવવા માગતું હોય, તેઓ દ્વારા થયેલ અરજીઓ અને તે સહિતના પુરાવાની ચકાસણી કરીને નિયમોનુસાર માન્યતા આપવાની કામગીરી કરે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજય સરકારની મંજૂરી લઇને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ પ્રસિધ્ધ કરેલ છે. તેના નિયમ ૨૭ (૮)ની જોગવાઇ નીચે મુજબ છે.

<u>" રજીસ્ટર થયેલી માધ્યમિક શાળાના કોઇપણ કર્મચારી તે જ શાળાના સંચાલક મંડળના મેનેજિંગ ટ્રસ્ટી/સંચાલક કે મેનેજર તરીકે રહી શકશે નહીં. આ નિયમ અસ્તિત્વમાં આવતા હાલના આવા કર્મચારીઓએ બેમાંથી એક વિકલ્પ ત્રણ માસમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આપવાનો રહેશે. આપેલા વિકલ્પનું ઉલ્લંઘન કરનાર કર્મચારી જે શાળાના સંચાલક, મેનેજિંગ ટ્રસ્ટી કે મેનેજર હોય તે શાળા અને શાળાની નોંધણી રદ કરવાની કાર્યવાહી વિનિયમ ૯(ક) મુજબ કરી શકશે."</u>

ગુજરાત પબ્લીક સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની જોગવાઇઓ મુજબ ટ્રસ્ટી ટ્રસ્ટમાં કે ટ્રસ્ટ સંચાલિત શાળામાં સ્વવેતનથી નોકરી કરી શકે નહીં કે અન્ય લાભ મેળવી શકે નહી. બોર્ડમાં રજુ થતી માહિતીમાં એ બાબત જોવામાં આવી છે કે, કેટલીક શાળાઓમાં તે જ શાળા મંડળના ટ્રસ્ટીઓ આચાર્ય તરીકે કે શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય છે. આમ આવા શાળા મંડળો ગુજરાત પબ્લીક સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ની જોગવાઇઓનો ભંગ કરે છે. આથી જે શાળા મંડળના ટ્રસ્ટીઓ તે જ શાળામાં કે તે જ મંડળના વહીવટ હેઠળની અન્ય શાળામાં શિક્ષક કે આચાર્ય તરીકે ફરજ બજાવતા હોય તેવી બાબત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને ધ્યાને લાવવા વિનંતી કરવામાં આવે છે. તદઉપરાંત આવી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ની જાહેર પરીક્ષા લેવામાં આવે છે. પરીક્ષાના સમય દરમ્યાન શાળાના બિલ્ડીંગમાં શાળા મંડળના કોઇ ટ્રસ્ટી હાજર રહી શકે નહી, તે મુજબની સૂચનાઓ આપવામાં આવેલ છે. કેટલીક શાળાના ટ્રસ્ટીઓ પરીક્ષા હેઠળની શાળામાં શિક્ષક કે આચાર્ય તરીકે કામગીરી કરતા હોય, તો પરીક્ષા સંચાલન માટે આપેલી સૂચનાઓનો ભંગ થાય છે. આથી શાળા મંડળના ટ્રસ્ટી ટ્રસ્ટ સંચાલિત તેઓની શાળામાં શિક્ષક કે આચાર્ય તરીકે ફરજ બજાવતા હોય તો તે કાયદાની જોગવાઇથી વિરુધ્ધ છે જેથી તે જ શાળામાં લેવાનાર જાહેર પરીક્ષાની કામગીરી નહી સોપવા જણાવવામાં આવે છે. આવી કોઇ બાબત બનશે અને વિપરીત પરિસ્થિતિ થશે તો તે અંગેની સમગ્ર જવાબદારી શાળા મંડળની રહેશે, અને આવી શાળાની માન્યતા રદ કરવાની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આ બાબતમાં પુરતી ચકાસણી કરવાની રહેશે. ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના કેસોમાં પણ આ બાબત ચકાસવાની રહેશે. આપે કરેલ કામગીરીનો અહેવાલ દિન-૧૫માં મોકલી આપવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>નકલ રવાના</u>

૧) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,વડોદરા
૨) પરીક્ષા સચિવશ્રી (સામાન્ય પ્રવાહ) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર
૩) પરીક્ષા સચિવશ્રી (વિજ્ઞાન પ્રવાહ) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર
૪) પરીક્ષા સચિવશ્રી, (માધ્યમિક વિભાગ) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર

ક્રમાંક / મા. પ-૬ / ૨૦૧૯ / પ૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૦૨ - ૦૨-૨૦૧૯

નકલ રવાના અમલ તથા અમલ સારૂ

Bajapati
જિલ્લા શિક્ષણાધિકારી,વતી
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, મા.તથા ઉ.મા.